Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : જોડાણ / તબીબી/.૧૮૬૮૬/ 2023. તા. ૧૯-૭-૨૦૨૩

પ્રતિ,
ઈ. ચા. ડીનશ્રી,
કિરણ મેડિકલ કોલેજ,
વડોદ, તા.ઓલપાડ,
જી. સુરત-૩૯૪૫૪૦

વિષય :. શૈક્ષણિક વર્ષ 2023-24 દરમ્યાન એમ.બી.બી.એસ. સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની મંજુરી અંગે.

સંદર્ભ : 1: વિભાગની તા. તા.૧૮-૭-૨૦૨૩ની નોંધ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૭-૨૦૨૩.ની સભાના ઠરાવ ક્રમાંક (19) થી સિન્ડિકેટને કરેલ ભલામણને સિન્ડિકેટ વતી માન. કુલપતિશ્રી દ્વારા આપેલ મંજૂરી.

2: સંદર્ભ 1 થી મળેલ મંજૂરી ધ્યાને લઇ રાજ્ય સરકારશ્રીને સિદ્ધાંતિક પૂર્વ મંજૂરીની તા. ૧૯-૭-૨૦૨૩ના પત્ર ક્રમાંક :. જોડાણ /સૈધાંતિક/કિરણ/MBBS /૨૩/૧૮૬૮૨ થી કરેલ દરખાસ્ત.

3:. NMC ની તા. ૦૪-.૦૭ - ૨૦૨૩ ના પત્ર ક્માંક NMC/UG/૨૦૨૩-૨૪/૦૦૦૦૦૧-/ ૩૯૦૪૪ થી મળેલ ૧૫૦ બેઠકો ની મંજૂરી.

મહાશય,

સવિનય જણાવવાનું કે આપશ્રીની કોલેજની શૈક્ષણિક વર્ષ 2023-24 દરમ્યાન એમ.બી.બી.એસ. સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં NEED સમિતિની ભલામણને સિન્ડિકેટની તા. ૨૮-૦૬ -૨૦૨૩ ની. સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૧૮ ) થી મંજૂરી મળેલ છે. સદરહુ મંજૂરી ધ્યાને લઇ સિન્ડિકેટની તા.૧૮-૦૧-૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક (૨૧૪) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની માન. કુલપતિશ્રી દ્વારા નિયુક્તિ કરેલ હતી. નિયુક્ત સ્થાનિક તપાસ સમિતિની સ્થળ તપાસ બાદના અહેવાલની નવા જોડાણની શરતો, રાજ્ય સરકાર ની માર્ગદર્શિકા મુજબ ની શરતો NMC ની વિવિધ શરતો ના પરિપાલન કરવા સાથેની મંજૂરી ધ્યાને લઇ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૭-૨૦૨૩ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૯ ) અન્વયે મંજૂરી સાથે સિન્ડિકેટને કરેલ ભલામણને માન કુલપતિશ્રીએ પ્રવેશની કાર્યવાહી શરુ થયેલ હોય પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોના હિતાર્થે MBBS ના સ્વનિર્ભર અભ્યાસક્રમ માં નવા જોડાણને મં NMC દ્વારા મંજુરી આપેલ ૧૫૦ બેઠકો સાથે કરવા સાથે રાજ્ય સરકારશ્રીને પૂર્વ સિદ્ધાંતિક મંજૂરીની દરખાસ્ત કરવા. સાથે રાજ્ય સરકારશ્રી સિદ્ધાંતીક પૂર્વ મંજૂરી બાબતે જે શરતો રજુ કરે તે શરતોનું અભ્યાસક્રમની જરૂરિયાત મુજબની સમય મર્યાદામાં પાલન કરવાની શરતે સિન્ડિકેટ વતી મંજૂરી આપેલ છે. આપના દ્વારા તા.૧૯ -૭-૨૦૨૩ ના રોજ જમા કરાવેલ બાંહેધરી ધ્યાને લઇ અભ્યાસક્રમ સંબધિત આ પત્ર મુજબની તમામ શરતોના પરિપાલન અભ્યાસક્રમની જરૂરિયાત મુજબની સમય મર્યાદામાં અને સંદર્ભ ક્રમાંક (2) થી રાજ્ય સરકારશ્રીને કરવામાં આવેલ સિદ્ધાંતિક પૂર્વ મંજૂરીની દરખાસ્ત બાબતે રાજ્ય સરકાર દ્વારા સિદ્ધાંતિક પૂર્વ મંજૂરી સંદર્ભમાં જે શરતો રજુ કરે તેવી તમામ શરતોનું પરિપાલન અભ્યાસક્રમની જરૂરિયાત મુજબની સમય અવધિમાં જ આપના દ્વારા અચૂક પરિપાલન કરવાનું રહેશે જેની આથી જાણ કરવામાં આવે છે.

(P.T.O.)

**એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમસ્ત પાટીદાર આરોગ્ય ટ્રસ્ટ, સુરત, વસ્તાદેવી રોડ,સુમુલડેરી પાસે, કતારગામ, સુરત સંચાલિત કિરણ મેડિકલ કોલેજ, મુ. વડોદ, તા.ઓલપાડ જી.સુરતને એમ.બી.બી.એસ ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે તથા યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ અનુસરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ એમ.બી.બી.એસ.નું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**A:. સ્થાનિક તપાસ સમિતિની શરતો :**

1. College will have to follow rules and regulation of NMC.
2. College will have to follow stricly University regulation.
3. College will have to follow all update rules time to time.
4. Staff (Teaching Staff) deficiency (6.1 %) will have to be fulfilled.

**B:. નવા જોડાણની રાજ્ય સરકાર ની માર્ગદર્શિકા મુજબ ની શરતો :**

૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.
૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિતરીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો)
૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.
૪. ડિપોઝીટની શરત અન્વયેમિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.
૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.
૬. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.
૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીનાધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.
૮. વિષયઅનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.
૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.

વધુમાં આપશ્રીને નીચેની વિગતે કોલેજ કોડની ફાળવણી કરવામાં આવે છે. આપશ્રીની કોલેજમાં નિયુક્ત ડીન શ્રી અને તમામ વિષયોની યુનીવર્સીટી માન્યતા પ્રાપ્ત અધ્યાપકો ની વિગત HRMS માં અપલોડ કરવાની હોય તેની જાણ કરવામાં આવે છે.

| No. | Name of the Trust | Name of the College | Course | કોલેજ કોડ ઈ–મેઈલ આઈડી |
|---|---|---|---|---|
| 1 | Samast Patidar Aarogya Trust Vastadevi Road, Near Sumul Dairy, Katargam, Surat-395004. | Kiran Medical College, At : Vadod, Ta: Olpad, Dist : Surat-394540 | MBBS (150 seats) (SFI) | **486** principal_486@vnsgu.ac.in |

લિ. ભવદીય

કુલસચિવ

**નકલ સવિનય રવાના : -**

(૧) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ , વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી ,સુરત
(૨) ઈ. ચા . નાયબ કુલસચિવ , એકેડેમિક વિભાગ, વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી ,સુરત
(૩) ઈ. ચા . મુખ્ય હિશાબી અધિકારી , હિશાબી વિભાગ, વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી ,સુરત
(૪) ERP સેલ, પરીક્ષા વિભાગ , વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી ,સુરત..................જાણ સારૂં